દર ગુરુવારે પ્રસિદ્ધ થતું સામયિક
FREE DISTRIBUTION

www.gyanvrudhi.info

DATE : 21-FEBRUARY-2019
THURSDAY
TOTAL PAGES : 4
RNI No : GUJGUJ/2016/71456

# જ્ઞાનવૃદ્ધિ

ન જાણતા હોવ તો જાણો, જાણતા હોવ તો જ્ઞાનમાં વૃદ્ધિ કરો

GYAN VRUDHI : WEEKLY, EDITOR & PUBLISHER : HEMANT YOGESHBHAI JOSHI, YEAR : 3, VOLUME : 1, ISSUE : 59.

www.rupiyakamao.com માં આવેલ e-store દ્વારા વિવિધ વસ્તુઓનું વેચાણ કરો અને રૂપિયા કમાઓ.

આ e-store માં ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રીકલ, વિવિધ બ્રાન્ડના મોબાઈલ તથા એસેસરીઝ, રેડીમેડ ગારમેન્ટ્સ, ગીફ્ટ આર્ટીકલ્સ, કોસ્મેટીક્સ અને શૃંગારની આઈટમ્સ, ઘડિયાળો, બુક્સ, ફર્નિચર, ક્રોકરી આઈટમ્સ, હોમ એપ્લાયન્સીસ, ડેકોરેટીવ ઝુમ્મર નું વેચાણ કરી રૂપિયા કમાઈ શકશો.

## તંત્રીસ્થાનેથી...

અમને આપ સૌ વાચકોને જણાવતાં આનંદ થાય છે કે 'જ્ઞાનવૃદ્ધિ' નામનુ આ સામયિક સર્વેને ઉપયોગી રહેશે અને દિન-પ્રતિદિન આવતી નવી માહિતીઓ, સમાચારો અને જાહેરાતો દ્વારા તમને માહિતગાર કરતુ રહેશે.

આ પુસ્તિકામાં જ્ઞાન અને બુદ્ધિ વધે તેવા કોમ્પ્યુટર, મેનેજમેન્ટ, આરોગ્ય તથા એન્જીનીયરીંગ જેવા વિવિધ ક્ષેત્રોને લગતી માહિતીનો સમાવિષ્ટ કરવામાં આવશે.

આ પુસ્તિકામાં ૨૫(પચીસ)થી પણ વધારે આવરી લેવાતા મલ્ટીમીડિયા રીલેટેડ સોફ્ટવેરનું માર્ગદર્શન આપવામાં આવશે જેમાં બધા જ પાના રંગીન હોવાના કારણે સરળતાથી સમજી શકાશે.

આજના યુગમાં ધંધા તથા વ્યવસાયની પરિભાષા બદલાઈ રહી છે. ઓફલાઈનથી માંડી ઓનલાઈન પર પણ ખરીદારો અને વ્યાપારીઓ ફંટાઈ રહ્યા છે, તેવામાં ઓનલાઈન ધંધા-વ્યવસાયની માહિતી કેવી રીતે મેળવવી અને મેનેજમેન્ટ કેવી રીતે કરવું, અને જે ધંધો કે વ્યવસાય કરો તેના કાયદા શું છે અને તેમાં ભારત સરકાર તથા રાજ્ય સરકાર કેવી રીતે મદદરૂપ થાય છે તેની માહિતીનો સમાવેશ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવશે જે તમને ધંધા-વ્યવસાય કરવામાં મદદરૂપ રહેશે.

- હેમંત યો. જોષી.

**હવે આ સામયિક ને તમે તમારા મોબાઈલ પર પણ જોઈ શકશો.**

## ગુરૂ સંદેશ

### સેવા અને વેઠ

સેવા કરવાથી દેહાભિમાન ટળે. દેહાભિમાન ટળે એટલે દોષમાત્ર ટળી જાય.
ખમી ખાવું એ મોટી સેવા છે. આજ્ઞાથી કરીએ તે આજ્ઞા ભેગી મૂર્તિ આવે છે. શુભ સંકલ્પ થાય સુખ વર્ત્યા કરે એ મૂર્તિ.
પ્રેમથી, મહિમાથી કરીએ તે સેવા, 'આવી પડ્યુ' ને 'કરવુ પડશે' એ વેઠ.
ભગવાન ને સંત માટે થોડુ કરીએ તો અતિ રાજીપો થઈ જાય.
લોકમાં સગાં, વેવાઈ, જમાઈ બધાને રાજી રાખવા કેટલુ કરવુ પડે છે ! તો ય તે રાજી તો ન જ થાય !!
અને ભગવાન ને સંત આટલી (થોડી) સેવામાં રાજી થઈ જાય.
એ રાજી થયા એટલે અક્ષરધામનું સુખ મળી ગયુ.

**- પ.પૂ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.**

પાના નં. ૨ પર

**હવે નોકરીની ચિંતા છોડો સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ. એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો.**

વધુ વાંચો પાના નં : ૨ પર...

રૂપિયા કમાવાનો નવો માર્ગ...
www.rupiyakamao.com
સભ્યપદ વિનામૂલ્યે
ગુજરાતી ભાષામાં જનરલ નોલેજની ક્વિઝ રમો, સરળ પ્રશ્નોનાં અન્ય કરતા વહેલા જવાબ આપો અને રોજ ઓછામાં ઓછા રૂા. ૧૦૦/- થી લઈને રૂા. ૨૪૦/- કમાવાની તક.
www.rupiyakamao.com

પાના નં. ૨ પર

**સ્પર્ધાત્મક પ્રોગ્રામિંગ શું છે ?**

ગતાંકથી આગળ વાંચો પાના નં : ૨ પર...

**સાંસ્કૃતિક વિવિધતાઓ ધરાવતો આપણો દેશ ભારત**

ગતાંકથી આગળ વાંચો પાના નં : ૨ પર...




આ માહિતીસભર સામયિક વિનામુલ્યે આપને મળ્યું હોવાથી તેને ધ્યાનથી વાંચશો. આ માહિતીસભર સામયિકમાંથી જો તમે શીખી લીધુ હોય અને તમારા માટે નકામી હોય તો તેને પસ્તીમાં કે કચરામાં કે ફાડી ન દેતા, એવા વ્યક્તિને આપજો કે જે આ પુસ્તિકાનો ઉપયોગ કરી શીખી શકે.

**જ્ઞાનવૃદ્ધિ** જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે. www.gyanvrudhi.info

રેફર કરો, રૂપિયા કમાઓ...
www.rupiyakamao.com
સભ્યપદ વિનામૂલ્યે
તમે જોડાઓ અને તમારા મિત્રોને, સગાંસબંધીને આ વેબસાઈટમાં જોડો અને રેફરલ ઈન્કમ કમાઓ
www.rupiyakamao.com

પાના નં. ૩ પર

**૧૯૬૫નું ભારત-પાકિસ્તાન યુદ્ધ : પાકિસ્તાની ઘૂસણખોરોને દાખલ કરવાની કોશિષનું પરિણામ**

વધુ વાંચો પાના નં : ૩ પર...

**ભારતીય ઈતિહાસના પ્રમુખ યુદ્ધો**

વધુ વાંચો પાના નં : ૩ પર...

પાના નં. ૪ પર

**કોમન નંબર-૧૧૨ની હેલ્પલાઇન સેવાઓનો રાજ્ય પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી**

વધુ વાંચો પાના નં : ૪ પર...

**રાજકીય કર્મીઓ માટે અખિલ ભારતીય મુલ્કી સેવા રમતગમત સ્પર્ધા ૨૦૧૯-૨૦ યોજાશે**

વધુ વાંચો પાના નં : ૪ પર...

પાના નં. ૩ પર

**અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની અને લોકોના દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.**

વધુ વાંચો પાના નં : ૩ પર...

પાના નં. ૪ પર

**ગુજરાતનું બજેટ પ્રોગ્રેસીવ-સેન્સીટીવ બજેટ છે : મુખ્યમંત્રીશ્રી**

વધુ વાંચો પાના નં : ૪ પર...

# હવે નોકરીની ચિંતા છોડો

**સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ.**

## એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો

**૧૪ ગ્રાફિક્સ અને એનિમેશનના સોફ્ટવેર-એપ્લીકેશન**

**૧૨ સપોર્ટેડ સોફ્ટવેર શીખવાની તક.**

### કોર્સના મુખ્ય ફાયદા :

૧.એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર, શરૂઆતનો પગાર રૂા. ૧૨,૦૦૦/-.
૨.લાયસન્સ વર્ઝન સોફ્ટવેર પર પ્રેક્ટીશ.
૩.હાઈ-કન્ફીગ્યુરેશનવાળી કોમ્પ્યુટર સીસ્ટમ. અદ્યતન ટેક્નોલોજી ધરાવતા સાધનો.
૪.અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન.
૫.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૧૦% વધારો મળશે.
૬.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૫% કમિશન મળશે.
૭.પ્રથમ ૩૦ વિદ્યાર્થીને પ્રોફીટ શેરીંગનો લાભ.
૮.પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો સ્ટુડિયો સેટ-અપ.

### કોર્સમાં કોણ જોડાઈ શકે ?

૧.કોલેજ કરતા વિદ્યાર્થીઓ
૨.ગૃહિણીઓ
૩.નોકરી કરવાની ઈચ્છા ધરાવતા તમામ.
૪.પોતાનો નવો ધંધો-વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા તમામ.
૫.આઈ.ટી.આઈ, સાયન્સ, કોમર્સ,આર્ટસ, મેડીકલ, એન્જીનીયરીંગ કરતા તમામ.

કોર્સમાં જોડાવાની લાયકાત :
૧.કોમ્પ્યુટરનુ બેઝીક નોલેજ – ઇન્ટનેટ, ઈ-મેઈલ, એમ.એસ. ઓફીસનું નોલેજ.
૨.૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ.

## વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161


ગતાંકથી આગળ વાંચો...

# સ્પર્ધાત્મક પ્રોગ્રામિંગ શું છે ?

કોયડાના પ્રકાર (વર્ગ)થી નિરપેક્ષ રીતે, કોયડા ઉકેલવાની પ્રક્રિયા મુખ્યત્વે બે ભાગોમાં વિભાજીત કરી શકાય, ૧) એક કાર્યક્ષમ અલગોરિધમની રચના, અને ૨) તે અલગોરિધમને કોઈ એક અનુકુળ પ્રોગ્રામિંગ ભાષામાં અમલમાં મૂકવો. (જૂદી જૂદી સ્પર્ધાઓમાં જૂદી જૂદી પ્રોગ્રામિંગ ભાષાઓ માન્ય હોય છે.) આ બે સ્કીલ્સ પ્રોગ્રામિંગ સ્પર્ધાઓમાં સર્વસામાન્ય રીતે ચકાસાતી હોય છે.

મોટાભાગની સ્પર્ધાઓમાં યોજનાર કમ્પ્યુટર (સર્વર) (જેમને જજ કહે છે) દ્વારા સ્વયંસંચાલિત રીતે નિર્ણયો અપાય છે. સ્પર્ધક દ્વારા અપાયેલ દરેક ઉકેલને જજ વિવિધ (સામાન્ય રીતે ગુપ્ત) 'ચકાસણી કેસ' માટે ચકાસે છે. સામાન્ય રીતે, સ્પર્ધાઓમાં બધા-અથવા-એકે નહી ગુણ-પ્રણાલિ હોય છે, એટલે કે કોઈ ઉકેલ તો જ "સ્વીકાર" થાય છે જો તે જજ દ્વારા ચલાવતાં બધા જીજં કેસમાં સાચો ઉત્તર આપે, અન્યથા તે ઉકેલ ખોટો ગણાય છે. પરંતુ, કેટલીક સ્પર્ધાઓમાં આંશિક ગુણ માન્ય હોય છે, જેના માટે પાસ કરેલ test કેસની સંખ્યા, પરિણામોની ગુણવત્તા, અથવા અન્ય કોઈ ખાસ માપદંડ હોય છે. કેટલીક સ્પર્ધાઓમાં સ્પર્ધકે માત્ર આપેલ ઈનપુટ માહિતીને અનુરૂપ આઉટ્પુટ માહિતી આપવાની હોય છે, જેમાં જજ માત્ર આઉટ્પુટ માહિતી જ ચકાસે છે.

**નોંધપાત્ર સ્પર્ધાઓ**

સ્પર્ધાઓ બે પ્રકારની હોય છે: ટૂંકાગાળાની અને લાંબાગાળાની. ટુંકા ગાળાની સ્પર્ધાઓનો પ્રત્યેક રાઉન્ડ ૧-૩ કલાકનો હોય છે. લાંબા ગાળાની સ્પર્ધાઓ થોડા દિવસોથી માંડીને થોડા મહિનાઓ સુધી ચાલતી હોય છે.

**ટૂંકા ગાળાની સ્પર્ધાઓ**

- ACM ICPC - વિશ્વની સૌથી જૂની સ્પર્ધાઓમાંની એક, જે કોલેજના વિદ્યાર્થીઓના માટે હોય છે, અને તેમાં ૩ના ગ્રુપમાં ભાગ લઇ શકાય છે. આ સ્પર્ધાની પુરસ્કર્તા IBM કંપની છે.
- ACSL - માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટેની કમ્પ્યુટર વિજ્ઞાન સ્પર્ધા, જેમાં લેખિત અને પ્રોગ્રામિંગ વિભાગો હોય છે.
- CodeChef Cook-Off- ACM ICPC જેવી પ્રોગ્રામીંગ સ્પર્ધા, જે દર મહિનાના છેલ્લેથી બીજા રવિવારે હોય છે.
- CodeChef LunchTime - એક જુનિયર પ્રોગ્રામિંગ શ્રેણી (સ્પર્ધા) જે દર મહિનાના છેલ્લા રવિવારે હોય છે, જે માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે હોય છે.


**જ્ઞાનવૃદ્ધિ**

**જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે.**

**www.gyanvrudhi.info**


ગતાંકથી આગળ વાંચો...

# સાંસ્કૃતિક વિવિધતાઓ ધરાવતો આપણો દેશ : ભારત

આંતરાષ્ટ્રીય સ્તરે ભારત 'ઈન્ડીયા'ના નામે વધુ ઓળખાય છે. ભારતનાં બંધારણની કલમ ૧ મુજબ આ દેશને 'ભારત'અથવા 'ઈન્ડીયા' નામે ઓળખાશે. ઈન્ડીયા નામ 'સિંધુ' નદી પરથી પડ્યું છે, જે પરથી જૂની ફારસી ભાષામાં "હિન્દુ" શબ્દ રચાયો. આ હિન્દુ શબ્દનું અપભ્રંશ થઈને 'ઈન્ડસ' શબ્દ રચાયો, જે પરથી આ દેશને 'ઈન્ડીયા' નામ મળ્યું. જૂની ગ્રીકભાષામાં આ દેશને 'ઈન્દોઈ' એટલે કે 'ઈન્દુના લોકો' તરીકે ઓળખાય છે.

આ ઉપરાંત ફારસી ભાષામાં આ દેશને 'હિન્દુસ્તાન' એટલે કે 'હિન્દુઓની ભૂમી' તરીકે પણ ઓળખાય છે.

**ભૂગોળ**

ભારત ભૌગોલિક રીતે ચોતરફથી કુદરતી સીમાઓ વડે રક્ષાયેલું છે. ઉત્તરમાં હિમાલયની દુર્ગમ પર્વતમાળાઓ, દક્ષિણમાં હિંદ મહાસાગર, પૂર્વમાં ગીચ જંગલો અને પશ્ચિમમાં વિશાળ રણો તેને બીજા ભૂખંડોથી અલગ પાડે છે. આથી જ તેને ભારતીય ઉપખંડ તરીકે ઓળખવામાં આવે છે. તેનો આકાર હીરા જેવો હોવાથી તેને સંસ્કૃતમાં તેને જંબુદ્વિપ પણ કહે છે. ભારતનો ભૂખંડ પૂર્વે ચોતરફ પાણી થી રક્ષાયેલો હશે અને તે ધીમે ધીમે ઉપર તરફ ધસીને એશિયાના ભૂખંડ સાથે અથડાયો હશે તેવું આધુનિક વિજ્ઞાન પણ માને છે.

**ઉત્તરનો પર્વતાળ પ્રદેશ**

**હિમાલયની પર્વતમાળા**

ભારતની ઉત્તારે હિમાચલ કે હિમાલયની પર્વતમાળ આવેલી છે. ઉત્તર ધ્રુવ તરફથી વહેતા ઠંડા પવનોને તે રોકી લે છે. હિમાલયની પર્વતમાળા પૂર્વમાં મ્યાનમાર કે બર્માથી ચાલુ થઈ પશ્ચિમમાં છેક અફઘાનિસ્તાન સુધી વિસ્તરેલી છે. ચીન અને ભારત વચ્ચે તે એક કુદરતી રાજકીય સીમાની ગરજ સારે છે. નેપાલ, ભૂતાન જેવા દેશ આ પર્વતમાળામાં જ આવેલા છે.

ભારતની જીવાદોરી સમાન ગણાતી નદીઓ જેવી કે ગંગા, યમુના, સિંધુ (અત્યારે પાકિસ્તાનમાં), બ્રહ્મપુત્રા વગેરે હિમાલયમાંથી નીકળે છે.

**મધ્ય અને દક્ષિણના મેદાનો**

હિમાલયમાંથી નીકળતી નદીઓ તેની દક્ષિણમાં અને ભારતની મધ્યમાં આવેલા મેદાન પ્રદેશમાંથી વહે છે અને અંતે ભારતીય મહાસાગરના ઉપસાગરો – અરબી સમુદ્ર અને બંગાળનો ઉપસાગર – માં મળી જાય છે. આ મેદાન પ્રદેશો ખૂબજ ફળદ્રુપ અને ખેતીલાયક હોવાથી દુનિયાનો સૌથી ગીચમાં ગીચ પ્રદેશ છે. ભારતીય સંસ્કૃતિ આ જ વિસ્તારમાં ખીલી છે. પૌરાણિક રીતે આ વિસ્તાર ખૂબ જ મહત્વ ધરાવે છે. ભારતના મહાન રાજાઓ, વ્યક્તિઓ આ જ વિસ્તારમાં જન્મી છે.

**પૂર્વના જંગલો**

ભારતની પૂર્વમાં અરૂણાચલ પ્રદેશ વગેરે સીમાડાના રાજ્યો અને મ્યાનમાર ને જોડતા પ્રદેશોમાં ગીચ જંગલો આવેલા છે. આ પ્રદેશમાં પુષ્કળ વરસાદ થાય છે. અહીંના ચેરાપુંજીમાં વિશ્વનો સૌથી વધુ વરસાદ (૧૦૦ ઈંચ) થાય છે. પુષ્કળ વરસાદના કારણે જમીન ખૂબ જ ફળદ્રુપ છે.

**પશ્ચિમનાં રણો**

ભારતની પશ્ચિમે કચ્છનું નાનું, મોટું રણ અને થારના રણો આવેલા છે. ઐતિહાસિક ભારત અફઘાનિસ્તાન અને ઈરાનની સીમાઓ સુધી વિસ્તરેલું હતું. વિદેશી આક્રમણકારો આ રણને બદલે કારાકોરમનો ઘાટ વટાવીને ભારતમાં પ્રવેશ કરતા. આજે કચ્છનું રણ ગુજરાત માં અને થારનું રણ રાજસ્થાન અને પાકિસ્તાનમાં આવેલું છે. આ રણના પોખરણ વિસ્તારમાં ભારતે પરમાણુ બોમ્બનો પ્રયોગ પણ કરેલ છે.

**દક્ષિણનો સાગર**

ભારતનો દક્ષિણ ભાગ ત્રણ તરફ સમુદ્રથી ઘેરાયેલો છે. દક્ષિણ ભારતની પૂર્વમાં બંગાળનો ઉપસાગર, પશ્ચિમમાં અરબી સમુદ્ર અને દક્ષિણમાં હિંદ મહાસાગરઆવેલો છે. આ સમુદ્રમાં ભારતના આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વિપ ટાપુઓ અને શ્રીલંકા અને માલદીવ ટાપુ જેવા દેશો આવેલા છે.

વધુ આવતા અંકે

# અભિનેતા બની લોકોના

# દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.

## અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની તક.

**જ્ઞાનવૃદ્ધિ** એટલે...

જ્ઞાનની સાથે આપના ધંધા-વ્યવસાયની જાહેરાત કરવાનું અસરકારક માધ્યમ

આ પુસ્તિકા વિનામૂલ્યે દર ગુરૂવારે પ્રસિદ્ધ થશે જે ૨૫,૦૦૦થી પણ વધારે વાચકો સુધી પહોચશે જેના દ્વારા આપના ધંધા-વ્યવસાયની માર્કેટીંગ અને પબ્લીસીટીની વ્યુહરચનાને વધુ અસરકારક બનાવે છે.

વેબસાઈટ પર પણ તમારી જાહેરાત

નાના બાળકોથી લઈને વડીલોને પણ ઉપયોગમાં આવે તેવી માહિતી તથા માર્ગદર્શન આ પુસ્તિકાને જીવીત રાખશે.

જ્યારે જ્યારે વાચક આ પુસ્તિકા વાંચશે ત્યારે તેમની નજર આપના ધંધા-વ્યવસાયની જાહેરાત પર પણ પડશે.

લાંબાગાળા સુધી આપની જાહેરાત ટકાવી રાખવા માટે

**જાહેરાત માટે સંપર્ક : 8306781161**

## કોર્સના મુખ્ય ફાયદા :

૧. એસોસીએટ ફર્મની એડફિલ્મમાં વિવિધ રોલ ભજવી કુલ ૨૮ એડફિલ્મોમાં લીડિંગ રોલ.
૨. ૨૮ એડફિલ્મો બાદ કાર્પોરેટ એડફિલ્મોમાં લીડિંગ રોલ - દરેક એડફિલ્મ દીઠ રૂા. ૧૦,૦૦૦/-.(બે વર્ષનો એગ્રીમેન્ટ)
૩. એસોસીએટ ફર્મના પેમ્ફલેટ તથા જાહેરાતોમાં તમારો ચહેરો છપાશે .
૪. એસોસીએટ ફર્મના સ્ટેજ શો તથા પ્રમોશનલ એક્ટીવીટીમાં એન્કરીંગ કરવાની તક. (પ્રથમ ૩ શો વિનામૂલ્યે ત્યારબાદ દરેક શો ના રૂા. ૧૦,૦૦૦/- મળશે.)
૫. કોઈ વિદ્યાર્થી રેફર કરો તો ૫% કમિશન મળશે.
૬. પ્રોફીટ શેરીંગનો લાભ.
૭. પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો એક્ટીંગ સ્ટુડિયો સેટ-અપ.

**વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161**


# ૧૯૬૫નું ભારત-પાકિસ્તાન યુદ્ધ : પાકિસ્તાની ઘૂસણખોરોને દાખલ કરવાની કોશિષનું પરિણામ

૧૯૬૫નું ભારત-પાકિસ્તાન યુદ્ધ એ એપ્રિલ ૧૯૬૫થી સપ્ટેમ્બર ૧૯૬૫ સુધી બંને દેશો વચ્ચે ચાલેલી મુઠભેડનું પરિણામ હતું. સંઘર્ષની શરૂઆત પાકિસ્તાનની જમ્મુ અને કાશ્મીરમાં ભારત વિરોધિ બળવો ચાલુ કરવા ઓપરેશન જીબ્રાલ્ટર હેઠળ ઘૂસણખોરો દાખલ કરવાની કોશિષ સાથે થઈ. ભારતે તેના વિરોધમાં પશ્ચિમ પાકિસ્તાન પર સૈન્ય હુમલો કર્યો. ૧૭ દિવસ ચાલેલા આ યુદ્ધમાં બંને પક્ષે મોટા પ્રમાણમાં ખુવારી થઈ અને હજારો સૈનિકો માર્યા ગયા, બખ્તરીયા દળો વચ્ચે દ્વિતીય વિશ્વયુદ્ધ બાદની સૌથી મોટી લડાઈ પણ થઈ. સોવિયત યુનિયન અને સંયુક્ત રાજ્ય અમેરિકાની દખલગીરી બાદ સંયુક્ત રાષ્ટ્રસંઘની સંઘર્ષ વિરામ દરખાસ્ત બાદ તાસ્કંદ સમજૂતી દ્વારા બંને દેશો વચ્ચે યુદ્ધનો અંત આવ્યો. મોટા ભાગનું યુદ્ધ બંને દેશોની ભૂમિસેનાઓ વચ્ચે કાશ્મીર ખાતે અને ભારત અને પશ્ચિમ પાકિસ્તાનની સરહદે લડાયું. ૧૯૪૭માં ભાગલા બાદ આટલી મોટી સંખ્યામાં કાશ્મીર ખાતે સૈન્યની નિયુક્તિ પ્રથમ વખત થઈ અને તે ૨૦૦૧-૦૨માં ઓપરેશન પરાક્રમ દરમિયાન ફરી વખત જોવા મળી. મોટા ભાગની લડાઈ પાયદળ અને બખ્તરીયા દળો વચ્ચે વાયુસેના અને નૌસેનાઓની મદદથી લડાઈ. યુદ્ધ દ્વારા પાકિસ્તાનની અયોગ્ય સૈન્ય તાલીમ, અધિકારીઓની દિશાવિહોણી પસંદગી, હુકમ અને પ્રયોજન વચ્ચેનો તફાવત, નબળું જાસૂસી તંત્ર અને ખરાબ સૂચના તંત્ર ખુલ્લાં પડી ગયાં. આ નબળાઈઓ છતાં પાકિસ્તાની સૈન્ય તેના કરતાં બળુકા ભારતીય ભૂમિસેના સામે લડ્યું. આ યુદ્ધની ઘણી માહિતી સ્પષ્ટ નથી.

સંઘર્ષ વિરામ થવા છતાં સૈન્ય દ્રષ્ટિએ યુદ્ધનો કોઈ અંજામ મળ્યો નહિ, બંને દેશોએ વિજયનો દાવો કર્યો. મોટાભાગના તટસ્થ ટીકાકારો પાકિસ્તાન વિરુદ્ધ ભારતનો પક્ષ મજબૂત રહ્યો હોવા સહમત થયા. પરિણામ વિહોણા સંઘર્ષ છતાં યુદ્ધને પાકિસ્તાનની સૈન્ય અને રાજકીય હાર માનવામાં આવે છે કારણ કે તે કાશ્મીરમાં બળવો કરાવવામાં નિષ્ફળ રહ્યું અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કોઈ નક્કર ટેકો ન મળ્યો.

આંતરરાષ્ટ્રીય સ્તરે આ યુદ્ધને શીત યુદ્ધના પરિપેક્ષમાં જોવામાં આવ્યું અને ઉપખંડમાં મોટાપ્રમાણ ભૂરાજકીય ઉથલપાથલનું કારણ બન્યું. યુદ્ધ પહેલાં સંયુક્ત રાજ્ય અમેરિકા અને યુનાઈટેડ કિંગ્ડમ મોટાપ્રમાણમાં ભારત અને પાકિસ્તાનને ટેકો આપતાં હતાં અને તેમને સૈન્ય હથિયારોના મુખ્ય નિકાસકારક હતા. યુદ્ધ દરમિયાન અને પછી ભારત અને પાકિસ્તન બંનેને મળતા પશ્ચિમી ટેકામાં કાપ આવ્યો અને અમેરિકા અને બ્રિટન બંને દ્વારા સૈન્ય સંરજામ પર આંતરરાષ્ટ્રીય પ્રતિબંધ મૂકાયો. તેના પરિણામે ભારત અને પાકિસ્તાન બંને દ્વારા અનુક્રમે સોવિયત યુનિયન અને ચીન સાથે સંપર્ક વધાર્યો. યુદ્ધ દરમિયાન પશ્ચિમી દેશોના નકારાત્મક વલણને કારણે ૧૯૭૧માં અને હાલ સુધી ઉપખંડ સાથેના સંબંધને અસર પહોંચાડી છે.


**૧૪ પ્રકારના ક્ષેત્રોમાંથી કમાવા માંગો છો ?**
**જો હા... તો... વિઝીટ કરો.**

**www.rupiyakamao.com**


# ભારતીય ઈતિહાસના પ્રમુખ યુદ્ધો

ભારતીય પ્રજા હજારો વર્ષોથી ગુલામી અને યુધ્ધોન્માદ જોતી અને સહન કરતી આવી છે. વિશ્વના દરેક ખંડમાંથી આક્રમણકારો જુદીજુદી પ્રયુક્તિઓ યોજી ભારતીય પ્રજાને ફોસલાવીને પગ પસેરો કર્યા બાદ સમય જતા છટકું ગોઠવીને પાછળથી હુમલાઓ કર્યાનાં દાખલાઓ છે.

હજારો વર્ષોનો સમય ગાળો ધરાવતો ભારતીય યુધ્ધ ઈતિહાસમાં અનેક યુધ્ધો લડાઈ ચુક્યા છે. ભૂતકાળમાં લડાયેલા યુદધોની આટલી વિશાળ સંખ્યા જોતા તેમાંથી ફક્ત અમુક મહત્વના યુધ્ધો આ લેખ માટે પસંદગી કરવી એ ખુબ જ મુશ્કેલ અને માથાકુટીયું કામ છે. આમ છતા આ લેખમાં જે યુધ્ધોનો ઉલ્લેખ કર્યો છે એ યુધ્ધો એ ભારતીય ઈતિહાસને નવા ચિન્હો આપ્યા છે.

**આ યુધ્ધો ન લડાયા હોત તો કદાચ ભારતીય ઈતિહાસ જુદી જ રીતે લખાયો હોત. આ યુધ્ધો અને તેને લીધે ભારતીય ઈતિહાસમાં લાંબાગાળે કેવા પરિવર્તનો આવ્યા એ જાણવું રસપ્રદ બની રહેશે.**

ઈ.સ. ૩૨૬ હાઈડેસ્પીજનું યુદ્ધ : સિકંદર અને પંજાબના રાજા પોરસની વચ્ચે યુદ્ધ થયું હતું જેમાં સિકંદરની જીત થઈ હતી.

ઈ.સ. ૨૬૧ કલિંગાની લડાઈ : સમ્રાટ આશોકએ કલિંગ પર આક્રમણ કર્યું હતું અને યુદ્ધમાં થયેલ રક્તપાતથી વિચલિત થઈને તેમણે યુદ્ધ ન કરવાનું પ્રણ લીધું હતું.

ઈ.સ. ૭૧૨માં : સિંધની લડાઈમાં મહમ્મદ કાસીમે અરબોની સત્તા સ્થાપિત કરી.

ઈ.સ. ૧૧૯૧ તારાઈનુંપ્રથમ યુદ્ધ : મોહમ્મદ ગૌરી અને પૃથ્વી રાજ ચૌહાણની વચ્ચે યુદ્ધ થયું હતું, જેમાં પૃથ્વી રાજ ચૌહાણની જીત થઈ હતી.

ઈ.સ. ૧૧૯૨ તારાઈનુંદ્વિતીય યુદ્ધ : મોહમ્મદ ગૌરી અને પૃથ્વી રાજ ચૌહાણની વચ્ચે યુદ્ધ થયું હતું, જેમાં મોહમ્મદ ગૌરીની જીત થઈ હતી.

ઈ.સ. ૧૧૯૪ ચંદાવરનું યુદ્ધ : તેમાં મુહમ્મદ ગૌરીએ કન્નૌજના રાજા જયચંદને હરાવ્ય હતા.

ઈ.સ. ૧૫૨૬ પાનીપતનું પ્રથમ યુદ્ધ : મોગલ શાસક બાબર અને ઈબ્રાહીમની વચ્ચે યુદ્ધ થયું હતું.

ઈ.સ. ૧૫૨૭ ખાનવાનું યુદ્ધ : તેમાં બાબરે રાણા સાંગાને હરાવ્યા હતા.

ઈ.સ. ૧૫૨૯ ઘાઘરાનું યુદ્ધ : તેમાં બાબરે મહમૂદ લોદીની આગેવાનીમાં અફઘાનોને હરાવ્યા હતા.

ઈ.સ. ૧૫૩૯ ચૌસાનું યુદ્ધ : તેમાં શેરશાહ સૂરીએ હુમાયુને હરાવ્યા હતા.

ઈ.સ. ૧૫૪૦ કન્નૌજ (બિલગ્રામનું યુદ્ધ) : તેમાં ફરીવાર શેરશાહ સૂરીએ હુમાયુને હરાવીને ભારત છોડવા પર મજબુર કર્યા.

ઈ.સ. ૧૫૫૬ પાનીપતનું બીજું યુદ્ધ : અકબર અને હુમાયુની વચ્ચે યુદ્ધ થયું હતું.

ઈ.સ. ૧૫૬૫ તાલીકોટાનું યુદ્ધ : આ યુદ્ધથી વિજયનગર સામ્રાજ્યનું અંત થઈ ગયું કેમકે બીજાપુર, બીદર, અહમદનગર અને ગોલકુંડાની સંગઠીત સેનાએ લડી હતી.

ઈ.સ. ૧૫૭૬ હલ્દી ઘાટીનું યુદ્ધ : અકબર અને રાણા પ્રતાપની વચ્ચે યુદ્ધ થયું હતું જેમાં રાણા પ્રતાપ ની હાર થઈ હતી.

ઈ.સ. ૧૭૫૭ પ્લાસીનું યુદ્ધ : અંગ્રેજો અને સિરાજુદ્દોલાની વચ્ચે યુદ્ધ થયું હતું જેમાં અંગ્રેજોની જીત અને ભારતમાં અંગ્રેજ શાસનની શરુઆત થઈ હતી

ઈ.સ. ૧૭૬૦ વાંડીવાશનું યુદ્ધ : અંગ્રેજોઅને ફ્રાંસીસિયોની વચ્ચે યુદ્ધ થયું હતું જેમાં ફ્રાંસીસિયો હાર થઈ હતી.

ઈ.સ. ૧૭૬૧ પાનીપતનું ત્રીજું યુદ્ધ : અહમદશાહ અબ્દાલી અને મરાઠીઓની વચ્ચે યુદ્ધ થયું હતું જેમાં ફ્રાંસીસિયોની હાર થઈ હતી.

ઈ.સ. ૧૭૬૪ બક્સરનું યુદ્ધ : અંગ્રેજો અને શુજાઉદ્દોલા, મીર કાસિમ અને આલમ દ્વિતીયની સંયુકત સેવા વચ્ચે અંગ્રેજોની જીત થઈ હતી. અંગ્રેજોને ભારતમાં સર્વોચ સત્તા માનવામાં આવવા લાગ્યું.

ઈ.સ. ૧૭૬૭-૬૯ પ્રથમ મૈસુર યુદ્ધ : હૈદર અલી અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ થયું જેમાં અંગ્રેજોની હાર થઈ

ઈ.સ. ૧૭૮૦-૮૪ દ્વિતીય મૈસુર યુદ્ધ : હૈદર અલી અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ થયું જેમાં નિર્ણય ન મળ્યો.

ઈ.સ. ૧૭૯૦ તૃત્ય આંગ્લ મૈસુર યુદ્ધ : ટીપુ સુલતાન અને અંગ્રેજો વચ્ચે સંધીથી લડાઈનો અંત આવ્યો

ઈ.સ. ૧૭૯૯ ચતુર્થ આંગ્લ મૈસુર યુદ્ધ : ટીપુ સુલતાન અને અંગ્રેજો વચ્ચે થયું હતું જેમાં ટીપુની હાર થઈ અને મૈસુર શક્તિનું પતન થયું.

ઈ.સ. ૧૮૪૯ ચિલિયાના વાળા યુદ્ધ : ઈસ્ટ ઈંડિયા કંપની અને સિખો વચ્ચે યુદ્ધ થયું હતું જેમાં સિખોની હાર થઈ હતી.

ઈ.સ. ૧૯૬૨ ભારત ચીન સીમા યુદ્ધ : ચીની સેનાએ ભારતની સીમા ક્ષેત્રો પર આક્રમણ કર્યું જે બે દિવસ સુધી ચાલ્યું ત્યાર બાદ એકપક્ષીય વિરામની ધોષણા થઈ અને ભારતે પોતાના થોડોક ભાગ છોડવો પડ્યો.

ઈ.સ. ૧૯૬૫ ભારત પાકિસ્તાન યુદ્ધ : ભારત અને પાકિસ્તાન વચ્ચે યુધ્ધ થયું જેમાં પાકિસ્તાનની હાર થઈ અને તેના પરિણામે બાંગ્લાદેશ એક સ્વતંત્ર દેશ બન્યો.

ઈ.સ. ૧૯૯૯ કારગિલ યુદ્ધ : જમ્મુ અને કાશ્મીરમાં દ્રાસ અને કારગીલ ક્ષેત્રોમાં પાકિસ્તાની ઘુસપેઠિયાઓના કારણે થયેલ યુદ્ધમાં ફરીથી પાકિસ્તાનને હાર મળી અને ભારતને જીત મળી.

**ભારતીય પ્રજાને ફોસલાવીને પગ પસેરો કર્યા બાદ પાછળથી હુમલાઓ કર્યાનાં દાખલાઓ છે.**

# 'જ્ઞાનવૃદ્ધિ' સામયિકનો ઉપયોગ કેવી રીતે કરશો ?




(૧) તમને મળતા 'જ્ઞાનવૃદ્ધિ'ના તમામ અંકોને એક ફાઈલમાં ભેગા કરવા.
(૨) જે તે વિષયની માહિતી કે જાણકારીને ક્રમમાં ગોઠવીને વાંચવી.
(૩) જો કોઈ વખત તમને આ જ્ઞાનવૃદ્ધિ સામયિક તમને ન મળે તો 'જ્ઞાનવૃદ્ધિ' ની વેબસાઈટ પરથી પણ તમે જોઈ શકશો.
(૪) જ્ઞાનવૃદ્ધિ સામયિકને તમે મોબાઈલમાં પણ જોઈ શકાશે.

**www.gyanvrudhi.info**

## કોમન નંબર-૧૧૨ની હેલ્પલાઇન સેવાઓનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આપાતકાલમાં મદદ સહાય માટે દેશભરમાં એક જ સહાયતા નંબર ૧૧૨ની સેવાઓનો રાજ્ય પ્રારંભ ગાંધીનગરથી કરાવ્યો હતો.

તેમણે આ વ્યવસ્થા સમગ્ર દેશ માટે એક સમાન કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને જનહિતલક્ષી મહત્વપૂર્ણ વહિવટી નિર્ણય ગણાવતાં કહ્યું કે GSTને જેમ વન નેશન વન ટેક્ષ તરીકે સ્વીકૃતિ મળી છે તેમ આ ૧૧૨ નંબર પણ વન નેશન વન હેલ્પલાઈન બનશે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં પ્રારંભિક તબક્કે ૭ નવા જિલ્લાઓમાં આ ૧૧૨ હેલ્પલાઈન સેવા કાર્યરત કરવામાં આવી છે તેની ભૂમિકા આપતાં જણાવ્યું કે શરૂઆતના તબક્કે ઈમરજન્સી સેવાના અન્ય નંબરો ૧૦૧, ૧૦૮, ૧૦૦, ૧૯૬૨, ૧૮૯ યથાવત રહેશે અને સમયાંતરે તેને ૧૧૨ જોડે ભેળવી દેવાશે. સમગ્ર રાજયમાં પણ તેનો વ્યાપ વિસ્તારવાની નેમ તેમણે દર્શાવી હતી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ GVKEMRI સાથે હાલ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ તેમજ ગૃહ વિભાગ દ્વારા અભયમ હેલ્પલાઈન, ફાયરબ્રિગેડ માટે ૧૦૧, કરૂણા એનીમલ હેલ્પલાઈન ૧૯૬૨ જે સેવાઓ હાલ કાર્યરત છે તે બધી જ સેવાઓ માત્ર ૧૧૨ નંબર એક જ નંબર પરથી ઉપલબ્ધ થવાથી નાગરિકોને પણ આપત્તિના સમયે મદદ સહાયમાં સરળતા રહેશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ ૧૧૨ ઈન્ટીગ્રેટેડ સેવા સાથે જોડાયેલા અભયમ હેલ્પલાઈન, ફાયરબ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સના વાહનોને પ્રસ્થાન પણ કરાવ્યું હતું.

રાજય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ સર્વશ્રી ગણપતભાઈ વસાવા, કુંવરજીભાઈ બાવળીયા, પ્રદિપસિંહ જાડેજા, કુમારભાઈ કાનાણી, રમણભાઈ પાટકર, વિભાવરીબહેન દવે અને બચુભાઈ ખાબડ તેમજ મુખ્ય સચિવ શ્રી ડૉ. જે. એન. સિંહ, ગૃહ, આરોગ્ય, કૃષિના અધિક મુખ્ય સચિવશ્રીઓ, પોલીસ મહાનિદેશક શ્રી શિવાનંદ જહા અને GVKEMRIના CEO શ્રી જશવંત પ્રજાપતિ, અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

<u>રાજકીય કર્મીઓ માટે</u>

## અખિલ ભારતીય મુલ્કી સેવા રમતગમત સ્પર્ધા ૨૦૧૯-૨૦ યોજાશે

### ભાગ લેવા ઈચ્છુક કર્મચારીઓએ તા.૩૦ એપ્રિલ ૨૦૧૯ સુધીમાં અરજી કરવાની રહેશે

કેન્દ્ર સરકારના સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ કલ્ચરલ અને સ્પોર્ટસ્ બોર્ડ દ્વારા દર વર્ષે કેન્દ્ર અને રાજ્યોના અધિકારીઓ અને કર્મચારીઓ માટે અખિલ ભારતીય મુલ્કી સેવા રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે જેના ભાગરૂપે વર્ષ ૨૦૧૯-૨૦ માટે અખિલ ભારતીય મુલ્કી સેવા રમતગમત સ્પર્ધાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં સચિવાલય અને બિન સચિવાલયના ભાગ લેવા ઇચ્છુક નિયત લાયકાત ધરાવતા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ આગામી તા.૩૦ એપ્રિલ ૨૦૧૯ સુધીમાં નિયત નમુનામાં અરજી કરવાની રહેશે. આ રમત અંગેના નિયમો સામાન્ય વહીવટ વિભાગની GSWAN વેબસાઇટ પર ઉપલબ્ધ છે. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં ભાગ લેવા અધિકારીઓ-કર્મચારીઓને સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

**રેફર કરો, રૂપિયા કમાઓ...**
**www.rupiyakamao.com**
**સભ્યપદ વિનામૂલ્યે**

## ગુજરાતનું બજેટ પ્રોગ્રેસીવ-સેન્સીટીવ બજેટ છે : મુખ્યમંત્રીશ્રી

### ૨૦૧૯-૨૦ના અંદાજપત્રને છેવાડાના માનવી સહિત સર્વવર્ગોની ચિંતા કરનારૂં બજેટ ગણાવતા શ્રી વિજયભાઈ રૂપાણી

સંવેદનશીલતા-પારદર્શીતા-પ્રગતિશીલતા-નિર્ણાયકતાના ચાર સ્થંભોને સાકાર કરતું બજેટ
- ખેડૂતો માટે રૂ. ૫૦૦ કરોડનું રિવોલ્વીંગ ફંડ
- ૬૮ લાખ જરૂરતમંદ પરિવારોને આયુષ્યમાન ભારત સમકક્ષ ૫ લાખનું આરોગ્યરક્ષા કવચ
- ફાટકમુકત ગુજરાત માટે મહાનગરો-ગામો-નગરોમાં ઓવરબ્રીજ-અન્ડરબ્રીજ નિર્માણની જાહેરાત આવકાર્ય
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિમાં રાજ્યના ૪૦ લાખ ખેડૂતોને લાભ
- સૂર્યશકિત કિસાન યોજનાનો વ્યાપ વધારવા ૧૦૦૦ નવા ફિડર
- વડિલ વૃધ્ધો- વિધવા બહેનોના પેન્શનમાં વૃધ્ધિ-આંગણવાડી બહેનોના વેતનમાં માતબર વધારો

**રાજ્યના ખેડૂતોને ઝીરો ટકા વ્યાજ અને કેન્દ્રીય વ્યાજ સહાયમાં વિલંબ થાય તો ખાસ સહાય માટે રૂ. ૫૦૦ કરોડના રિવોલ્વીંગ ફંડની જોગવાઈ કિસાન હિતકારી : શ્રી વિજયભાઈ રૂપાણી**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના આગામી નાણાંકીય વર્ષ માટેના નાયબ મુખ્યમંત્રી – નાણા મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરેલા બજેટ – લેખાનુદાનને છેવાડાના માનવીની ચિંતા સાથે તમામ વર્ગોને આવરી લેતું આધુનિક ગુજરાત, સુવિધાસભર-વ્યવસ્થાયુકત ભાવિ ગુજરાતના નિર્માણની દિશા તય કરનારૂં વિકાસલક્ષી બજેટ ગણાવ્યું છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ સંવેદનશીલતા, પારદર્શીતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના સુશાસન સ્થંભનું દર્શન કરવાનું આ બજેટ પ્રોગ્રેસીવ અને સેન્સીટીવ બજેટ છે તેમ પણ બજેટને આવકારતા ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સમાજના દરેક વર્ગ, દરેક પહેલુઓને સુવિધાઓ આપનારૂં આ બજેટ છે. તેમણે આ બજેટમાં વિધવા માતા-બહેનોને પેન્શન રૂ. ૧૦૦૦ થી વધારીને રૂ. ૧૨૫૦ કરવા સાથે પુખ્ત વયનો દિકરો હોય તો પણ પેન્શન આપવાના નિર્ણયને સંવેદનશીલતાનો પરિચાયક ગણાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ બજેટના મહત્વપૂર્ણ પાસાંઓને ઊજાગર કરતાં જણાવ્યું કે, આંગણવાડી બહેનોના વેતનમાં ૯૦૦ રૂપિયાનો માતબર વધારો, વૃધ્ધો વડીલોની વંદના કરતા તેમને મળતા પેન્શનમાં પણ રૂ. ૫૦૦ ના રૂ. ૭૫૦ તથા વાલ્મિકી સમાજ, ગોપાલક સમાજ, કોળી-ઠાકોર બક્ષીપંચના નિગમોમાં વ્યકિતગત લોન-સહાય માટે રૂ. ૧૦૦ કરોડને બદલે રૂ. ૧૫૦ કરોડ ફાળવવાનો નિર્ણય આવકારદાયક છે.

મુખ્યમંત્રીશ્રીએ ગરીબ, ગામડુ, કિસાન, મહિલા, યુવા સૌના વિકાસ માટે બજેટમાં જે કોઈને કોઈ પ્રાવધાન કરવામાં આવ્યા છે તેને કીડીને કણ હાથીને મણ સમાન ગણાવ્યા હતા.

શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના ખેડૂતોને ઝીરો ટકા વ્યાજ અને કેન્દ્રીય વ્યાજ સહાયમાં વિલંબ થાય તો ખાસ સહાય માટે રૂ. ૫૦૦ કરોડના રિવોલ્વીંગ ફંડની જોગવાઈ કિસાન હિતકારી ગણાવી હતી. ધરતીપુત્રોને આધુનિક કૃષિ સાધનો માટે પણ રૂ. ૫૦૦ કરોડ ફાળવ્યા છે તેમજ પશુપાલન કરનારા પશુપાલકોને ઊંચી ઓલાદના પશુ માટે પાટણમાં રૂ. ૪૭ કરોડની સેકસ સિમેન લેબ સ્થાપવા અને સ્કીમ્ડ મિલ્ક પાવડર માટે રૂ. ૩૦૦ કરોડ ફાળવવાના નિર્ણયને પણ આવકાર્યો હતો.

કેન્દ્ર સરકારે જાહેર કરેલી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં રાજ્યના ૪૦ લાખ ધરતીપુત્રોને આવરી લેવાની બજેટ જોગવાઈને પણ ખેડૂત હિતકારી ગણાવી હતી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કિસાનોને સૂર્યશકિતથી ખેતી માટે વીજળી ઉત્પન્ન કરવાની સ્કાય યોજનાનો વ્યાપ વધારવા માટે આ વર્ષ ૧૦૦૦ ફિડર કાર્યાન્વીત કરવાની જાહેરાતને સૌર ઊર્જાનું મહાત્મ્ય કરનારી ગણાવી હતી.

એટલું જ નહિ, વન ટાઈમ માફી યોજના અન્વયે ૬.૭૪ લાખ ખેડૂતો અને ગરીબ-મધ્યમવર્ગના ગ્રાહકોને લાભકારી રૂ. ૬૯૧ કરોડના વીજ લેણા માંડવાળના નિર્ણયને અતિ મહત્વપૂર્ણ ગણાવ્યો હતો.

સિંચાઈ માટે સૌની યોજના તહેત રૂ. ૨૨૭૦ કરોડ અને નર્મદા યોજનાના નેટવર્કને વધુ સુગ્રથિત કરવા નાણાં ફાળવણી સાથે ૮ જેટલા ડીસેલીનેશન પ્લાન્ટની સ્થાપના દ્વારા રોજના ૩૭ કરોડ લીટર દરિયાના ખારા પાણીને મીઠું બનાવવાના આયોજનોને મુખ્યમંત્રીશ્રીએ જળક્રાંતિ સમા ગણાવ્યા હતા.

તેમણે રાજ્યમાં પ્રદૂષણ નિયંત્રણ માટે ઊદ્યોગોના ટ્રીટ કરેલા ગંદા પાણીને રૂ. ૨૨૭૫ કરોડ રૂપિયાના ખર્ચે ડીપ-સી પાઈપલાઈન દ્વારા સમૂદ્રમાં છોડવાની યોજના અને રાજ્યમાં કાર્બન છોડતી બસોના સ્થાને શહેરો-નગરોમાં ૭૫૦ ઈલેકટ્રીક બસોના ઉપયોગને ગ્રીન કલીન ગુજરાતની દિશા વર્ણવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ શહેરોના વિકાસને કારણે ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે શહેરોમાં ઓવરબ્રીજ અને ગ્રામીણ-નગરીય વિસ્તારોમાં હાઈવે પર ઓવરબ્રીજ નિર્માણ કરવા સાથે રેલ્વે ક્રોસિંગ પર બ્રીજ બનાવી ફાટક મુકત ગુજરાત, આધુનિક ગુજરાતની નેમ આ બજેટમાં પડઘાય છે એમ પણ કહ્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતનું આ બજેટ ગરીબ, મધ્યમવર્ગીય અને જરૂરતમંદ પરિવારોને મોટી માંદગી-બિમારીમાં સારવાર માટે આરોગ્ય કવચ પુરૂં પાડશે તેમ જણાવતાં આયુષ્યમાન ભારતની જેમ મા અને મા-વાત્સલ્યના ૬૮ લાખ પરિવારોને પાંચ લાખનું આરોગ્ય રક્ષા છત્ર આપવાની નવી જાહેરાતને પણ સંવેદનશીલ ગણાવી હતી.

તેમણે મા-વાત્સલ્ય યોજનાન આવક મર્યાદામાં પણ ૧ લાખનો વધારો કરી ૩ થી ૪ લાખ કરવાને પરિણામે ૧૫ લાખ વધુ પરિવારોને લાભ મળશે તેમ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના આ બજેટને સર્વ વર્ગોના વિકાસ સાથે ઉજ્જવળ ગુજરાતનો સુરેખ નકશો કંડારનારૂં બજેટ ગણાવતા આવકાર આપ્યો હતો.

GYAN VRUDHI, DATE : 21-FEBRUARY-2019, THURSDAY, YEAR : 3, VOLUME : 1, ISSUE : 59, TOTAL PAGES : 4.
OWNER, PRINTER, PUBLISHER & EDITOR : HEMANT Y. JOSHI, PRINTED AT ANUGRAH COMPUTERS & PRINTERS, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR. PUBLISHED AT : 3519, AMBAJIMATANO PACHHAL NO VISTAR, NANI BHAGOL, AT & PO : PRANTIJ, TALUKA : PRANTIJ, 383205. DIST : SABARKANTHA. GUJARAT.